પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૭ | ૧૭ એપ્રિલ, ૨૦૧૮, મંગળવાર ; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કોલકતા મેટ્રો મોટી દુર્ઘટનાથી બચી**

કોલકતા મેટ્રો અચાનક જ બંધ થઈ ગઈ હતી. અચાનક જ ટ્રેન બંધ થઈ જતાં મેટ્રોના કેટલાક ડબ્બા ટનલમાં જ ફસાઈ ગયા હતા. ગભરાયેલા મુસાફરો બારીઓ તોડીને બહાર નીકળ્યા હતા.

**કર્ણાટક કોંગ્રેસમાં ધમાલ**

કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીએ ૨૧૮ ઉમેદવારોનુ લીસ્ટ જાહેર કરતાં જ પાર્ટીમાં ધમાલ મચી ગઈ હતી. ટીકીટ ફાળવણી મુદ્દે મેંગલોરની પાર્ટી ઓફિસ બહાર જોરદાર દેખાવો થયા હતા.

**પાકિસ્તાનમાં થપ્પડ કબડ્ડી રમતાં-રમતાં વિદ્યાર્થીનું મોત**

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં 'ફેસ સ્લેપિંગ' (થપ્પડ કબડ્ડી) રમતા ધો. ૬ના વિદ્યાર્થીનું ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. સરકારી હાઈસ્કૂલ મિયાં ચન્નુ ખાતે રિસેસ વખતે બિલાલ અને આમિર નામના બે વિદ્યાર્થીઓ થપ્પડ કબડ્ડી રમવા લાગ્યા હતા.

**ઉંદરોના કારણે ત્રણ માળની બિલ્ડિંગ જમીનદોસ્ત**

સોશિયલ મીડિયા પર એક વાયરલ વીડિયોમાં આગ્રાની એક બિલ્ડિંગ અચાનક જમીનદોસ્ત થતી દેખાઈ રહી છે. પહેલી વખતમાં આ કેવી રીતે થયું તે સમજવું થોડું મુશ્કેલ છે પણ કારણ જ્યારે સામે આવ્યું તો સૌ કોઈના હોશ ઉડી ગયા. મળેલી માહિતી મુજબ આ બિલ્ડિંગ પડવા પાછળનું મુખ્ય કારણ ઉંદરો હતા.

# ફુગાવો ઘટતાં મોંઘવારીમાં રાહત

**રિટેલ ફુગાવો માર્ચમાં ઘટીને ૪.૨૮ ટકા થઇ ગયા બાદ હવે જથ્થાબંધ ફુગાવો ઘટી ૨.૪૭ ટકા નોધાયો : કઠોળ-શાકભાજીના ભાવમાં માર્ચ મહિનામાં ઉલ્લેખનીય ઘટાડો**



મુંબઈ, તા. ૧૬

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત થઈ હતી. કારણ કે હોલસેલ કિંમતો પર આધારિત ફુગાવો આંશિકરીતે ઘટીને માર્ચમાં ૨.૪૭ ટકા થઈ ગયો હતો. શાકભાજી અને કઠોળની કિંમતમાં ઘટાડો થતા આ સ્થિતી સર્જાઇ હતી. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સના આધાર પર ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૨.૪૮ ટકા હતો. જ્ય.ારે ગયા વર્ષે માર્ચમાં ફુગાવો ૫.૧૧ ટકા હતો. જારી સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સરકારી આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે માર્ચ મહિનામાં ફુડ આર્ટિકલ્સમાં ફુગાવો ૦.૨૯ ટકા રહ્યો છે. જે અગાઉના મહિનામાં ૦.૮૮ ટકા હતો. એટલે કે ફુડ આર્ટિકલ્સમાં પણ ઘટાડો થયો છે.

ફુગાવામાં ઘટાડો થતા સામાન્ય લોકોને રાહત થઈ છે. શાકભાજીમાં ફુગાવો ઘટીને ૨.૭૦ ટકા, કઠોળમાં ૨૦.૫૮ ટકા અને ઘઉંમા ૧.૧૯ ટકા રહ્યો છે. જો કે ફ્યુઅલ અને પાવરમાં ફુગાવો માર્ચ મહિનામાં વધીને ૪.૭૦ ટકા થયો છે. જે અગાઉના મહિનામાં ૩.૮૧ ટકા હતો. જાન્યુઆરી મહિનામાં ફુગાવોના આંકડાના સંબંધમાં સુધારો થયો છે. અત્રે નોંધનીય છે કે, ગયા સપ્તાહમાં રીટેલ ફુગાવાના આંકડા પણ જારી કરવામાં આવ્યા હતા. રીટેલ ફુગાવો માર્ચ મહિનામાં ઘટીને પાંચ મહિનાની નીચે સપાટીએ પહોંચ્યો હતો. હવે ડબલ્યુપીઆઈ ફુગાવો પણ ઘટીને નીચે સપાટીએ પહોંચ્યો છે. આ નાણાંકીય વર્ષમાં તેની પ્રથમ નાણાંકીય નિતી સમીક્ષામાં રિઝર્વ બેંકે આ મહિનાની શરૂઆતમાં વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. ફુગાવાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા હતા. હવે ડબલ્યુપીઆઈ ફુગાવા અને

● અનુસંધાન પાન-૭ પર

## હવે વિદેશમાં નાણાં મોકલવા માટે રિઝર્વ બેંકે નિયમો કડક બનાવ્યા

ન્યુ દિલ્હી,તા.૧૬

રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાએ વ્યક્તિગત ધોરણે

**એલઆરએસ હેઠળના વ્યવહાર કર્યા હોય તે બેંકે રિઝર્વ બેંકને દૈનિક રિપોર્ટ આપવો પડશે**

વાર્ષિક ૨.૫૦ લાખ ડોલર વિદેશમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપતી લિબરલાઈઝડ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ)ના રિપોર્ટીંગગના નિયમો કડક બનાવ્યા છે. વિદેશમાં નાણાં મોકલનાર વ્યક્તિ દ્વારા કરાયેલા એકરારના આધારે બેક્ર એલઆરએસ ટ્રાન્ઝેકશનને મંજૂરી આપે છે.

આ મામલે રિઝર્વ બેક્ર દ્વારા જારી કરાયેલી એક અધિસૂચનામાં જણાવ્યા અનુસાર નિરિક્ષણમાં સુધારો કરવા તથા એલઆરએસની મર્યાદાનું પાલન યોગ્ય રીતે થાય તે બાબતને સુનિશ્ચિત કરવા માટે જે બેક્રમાંથી વ્યક્તિએ એલઆરએસ હેઠળ આ પ્રકારના વ્યવહાર કર્યા હોય તે બેક્રે રિઝર્વ બેક્રને દૈનિક રિપોર્ટ આપવાનો રહેશે.

## ચીનની ૩૦ દિવસમાં ૩૫ વાર કરી ભારતીય હદમાં ઘૂસણખોરી

ન્યુ દિલ્હી,તા.૧૬

ભારત તરફથી અનેક વખત દબાણ કરવા છતાં ચીન પોતાની હરકતો બંધ કરતું નથી. લદાખ અને અરુણાચલ પ્રદેશમાં સરહદની સુરક્ષામાં તહેનાત આઈટીબીપીના એક રિપોર્ટ અનુસાર ચીને છેલ્લા એક મહિનામાં સૌથી વધુ ઘૂસણખોરી કરી છે. અહેવાલ અનુસાર છેલ્લા ૩૦ દિવસમાં ચીનની સેનાએ ૩૫ વખત અંકુશરેખા ઓળંગીને ઘૂસણખોરી કરી છે.

## હૈદ્રાબાદની મક્કા મસ્જિદ બ્લાસ્ટ કેસમાં અસીમાનંદ સહિત તમામ આરોપી નિર્દોષ

હૈદરાબાદ,તા. ૧૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર હૈદરાબાદની લોકપ્રિય મકકા મસ્જિદ બ્લાસ્ટ કેસના મામલે એનઆઈએ મામલાની ચોથી વધારાની મેટ્રોપોલિટન ખાસ કોર્ટે ચુકાદો આપતા મુખ્ય આરોપી સ્વામી અસીમાનંદ સહિત તમામ

**૧૧ વર્ષના લાંબા ગાળા બાદ એનઆઈએ કોર્ટ દ્વારા ચુકાદો અપાયો : પુરાવાના અભાવે નિદોર્ષ જાહેર કરાયા : પ્રોસિક્યુશન દ્વારા કરવામાં આવેલા આક્ષેપો પુરવાર થઈ શક્યા નહીં : ૨૨૬ સાક્ષીઓની તપાસ કરવામાં આવી**

આજે ૧૧ વર્ષના લાંબા ગાળા બાદ ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. આ મામલામાં ખાસ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## દેશના ૧૨૬ જિલ્લા પૈકીના ૪૪ નકસલમુક્ત જાહેર થયા

**ઝારખંડ, બિહારમાં મોટી સફળતા હાથ લાગી : ૮ નવા જિલ્લા નક્સલવાદી પ્રભાવિત વિસ્તારમાં સામેલ થયા હોવા છતાંય તેમની સામે વધુ સકંજો જમાવાયો**

નવી દિલ્હી,તા. ૧૬

દેશમાં નક્સલવાદી ગતિવિધીમાં નોંધપાત્ર ઘટાડો થઈ



ચુક્યો છે. નક્સલવાદી પ્રભાવિત દેશના ૧૨૬ જિલ્લા પૈકી સરકારે ૪૪ જિલ્લાને નકસલવાદીમુકત જાહેર કરી દીધા છે. જો કે આઠ નવા જિલ્લા નક્સલવાદી પ્રભાવિત વિસ્તારમાં સામેલ કરી દેવામાં આવ્યા છે. સૌથી વધારે નક્સલવાદી પ્રભાવિત જિલ્લાની સંખ્યા ૩૫થી ઘટીને ૩૦ સુધી પહોંચી ગઈ છે. સુરક્ષા દળો દ્વારા હાલના સમયમાં કરવામાં આવેલી કાર્યવાહીને આના માટે જવાબદાર ગણવામાં આવે છે. હિાર અને ઝારખંડના પાંચ જિલ્લા અતિ નક્સલવાદી પ્રભાવિત ટૈગમાંથી મુક્ત થઈ ગયા છે. આ જિલ્લામાં ઝારખંડના ડુમકા, પૂર્વીય સિંહભુમ તથા રામગઢ તેમજ બિહારના નવાદા અને મુજ્જફરપુરનો સમાવેશ થાય છે. કેન્દ્રિય ગૃહ સચિવ રાજીવ ગાબાએ માહિતી આપતા કહ્યુ છે કે નકસલી હિસાનો ફેલાવો છેલ્લા ચાર વર્ષના ગાળામાં ઉલ્લેખનીય રીતે ઘટી ગયો છે. આની ક્રેડિટ સુરક્ષા અને વિકાસ સંબંધિત પ્રયાસોને જાય છે. બહુમુખીય રણનિતી અપનાવવામાં આવી રહી છે જેના કારણે આ સફળતા હાથ લાગી છે. તેમણે કહ્યુ હતુ કે ૪૪ જિલ્લામાં નક્સલીઓની ઉપસ્થિતી હવે નથી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બ્રિટન યાત્રા પર

**મહારાણી એલિઝાબેથને પણ મળવા માટે ઉત્સુક**



નવી દિલ્હી,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારના દિવસે લંડનના પ્રવાસે પહોંચી રહ્યા છે. જ્યાં તેઓ કોમનવેલ્થ દેશોના સંમેલનમાં ભાગ લેનાર છે. મોદીના આ પ્રવાસને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૫૩ દેશોના કોમનવેલ્થ સંમેલનમાં ભારત હવે મોટી ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. મોદી આ પ્રવાસ દરમિયાન જુદા જુદા દેશોની સાથે કેટલીક સમજુતી પણ કરી શકે છે. મોદી બ્રિટનના મહારાણી એલિઝાબેથને પણ મળવાની યોજના ધરાવે છે. મોદી એવા ત્રણ પસંદગીના નેતામાં સામેલ છે જે બ્રિટનના મહારાણીને મળનાર છે. માનવામાં આવે છે કે આગ્રુપ ભારતની વૈશ્વિક આંકાક્ષીઓને નવા રૂપ આપવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. કોમનવેલ્થ હેડ્સ ગવર્નમેન્ટમાં ભારત પોતાના નાણાંકીય યોગદાનને બે ગણુ કરવા માટે તૈયાર છે. આ ભારત તરફથી એ વાતના સંકેત પણ રહેશે કે ભારત કોમનવેલ્થમાં હવે મોટી ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. કોમનવેલ્થમાં મોટી ભૂમિકાને લઈને આના માટે દિલ્હીમાં તૈયારી પણ હાથ ધરવામાં આવી ચુકી છે. વર્ષ ૨૦૦૯ બાદ પ્રથમ વખત રહેશે જ્યારે ભારતીય વડાપ્રધાન કોમનવેલ્થ સમિટમાં ભાગ લઈ રહ્યા છે.

## રાહુલની ૨૩મીથી 'બંધારણ બચાવ ઝુંબેશ'

ન્યુ દિલ્હી,તા.૧૬

કૉંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધી ૨૩મી એપ્રિલથી દેશભરમાં 'બંધારણ બચાવ ઝુંબેશ' શરૂ કરાવશે. કૉંગ્રેસ દ્વારા દલિતોને આકર્ષવા માટે આ અભિયાન હાથ ધરાઈ રહ્યું હોવાનું કહેવાય છે. કૉંગ્રેસના હાલના અને ભૂતપૂર્વ સાંસદો, વિધાનસભ્યો, જિલ્લા પરિષદ, નગરપાલિકા, પંચાયત સમિતિના હોદ્દેદારો સહિત પક્ષના કાર્યકરો આ કાર્યક્રમમાં સક્રિય ભાગ લેશે. કૉંગ્રેસના હોદ્દેદારો ઉપરાંત પ્રાદેશિક એકમોના અધિકારીઓ, યુવા, મહિલા અને સેવાદળ પાંખના કાર્યકરો અહીંના તાલકટોરા સ્ટેડિયમ ખાતે મોટી સંખ્યામાં ભાગ લેશે.કૉંગ્રેસના અનુસૂચિત જાતિ વિભાગના અધ્યક્ષ અને આ કાર્યક્રમના આયોજકોમાંના એક નીતિન રાઉતે જણાવ્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે રાજધાનીમાં આ

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર સમસ્યાનું સમાધાન બંદૂકથી સંભવ નથી : સેના પ્રમુખ

ન્યુ દિલ્હી,તા.૧૬

સેનાપ્રમુખ જનરલ બિપીન રાવતે કહ્યું કે કાશ્મીર ઘાટીના કટ્ટરપંથી યુવાઓને ટૂંક સમયમાં જ અહેસાસ થઈ જશે કે બંદૂકથી તેમની સમસ્યાઓનું સમાધાન શક્ય જ નથી. બંદૂક દ્વારા ન તો સેના અને ન તો આતંકી પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે. શાંતિના રસ્તે ચાલીને જ કાશ્મીરની સ્થિતિમાં સુધાર લાવી શકાય છે. કાશ્મીર અંદાજે ત્રણ દશકાથી આતંકવાદના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. જનરલ રાવત સેનાની જમ્મુ-કાશ્મીર લાઈટ ઈન્ફિનિટી રેજીમેન્ટના ૭૦મા સ્થાપ્રા દિવસ સમારોહમાં બોલી રહ્યા હતા.

સેના પ્રમુખે કહ્યું કે આશા રાખી શકાય કે કાશ્મીરની સ્થિતિમાં સુધારો થશે. ત્યાં અમુક યુવાનો છે જે કટ્ટરને પગલે આતંકવાદ સાથે જોડાયા છે. તેઓ વિચારે છે કે બંદૂક દ્વારા પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે પરંતુ એવું શક્ય નથી. ન તો આતંકી અને ન તો સેના બંદૂક દ્વારા પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે. આપણે શાંતિના રસ્તે ચાલીને સમસ્યાઓનું નિદાન ચકાસવું પડશે. જનરલ રાવતે કહ્યું કે કાશ્મીરમાં બહ ઓછા લોકો આતંકવાદ સાથે જોડાયેલા છે. દેશના ઉચ્ચ સૈન્ય કમાન્ડર છ દિવસ સુધી ક્ષેત્રીય સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટીપ્લોટ
આપની નજીક





રાધે બેન્કવેટ હોલ
- ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
- આકર્ષક એમ્બિયન્સ
- આધુનિક સુવિધાથી સજ્જ
- કેટરિંગ સુવિધા ઉપલબ્ધ

કેશવમ પાર્ટી પ્લોટ
- ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
- વિશાળ રમણીય ગાર્ડન
- આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
- આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય

મહેંદી । સંગીત । રિંગ સેરેમની । લગ્ન । રિસેપ્શન । બર્થ ડે
બેબી શાવર । એનિવર્સરી । ગેટ-ટુ-ગેધર । કોર્પોરેટ ઇવેન્ટ

રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫

રાધે
Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com
www.purplephase.in